# ડેન નેટવર્ક્સ લિમિટેડનો આઈપીઓ ૨૮ ઓક્ટોબરે ખુલશે

## પ્રાઈસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૧૯૫થી રૂ. ૨૦૫: ઈશ્યુ ૩૦મીએ બંધ થશે




અમદાવાદ, ૨૬ ઓક્ટોબર, ૨૦૦૯: ભારતની અગ્રણી કેબલ ડિસ્ટ્રીબ્યુશન કંપની ડેન નેટવર્ક્સ લિમિટેડ (ડેન) રૂ. ૧૦ની કિંમતનો એક એવા બે કરોડ ઈક્વિટી શેરોના પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) સાથે ૧૦૦ ટકા બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા મૂડી બજારમાં પ્રવેશી રહી છે. ઈશ્યુનો પ્રાઈસ બેન્ડ રૂ. ૧૯૫થી રૂ. ૨૦૫ નક્કી કરવામાં આવ્યો છે. ઈશ્યુ ૨૮ ઓક્ટોબર ૨૦૦૯નાં રોજ ખુલશે અને ૩૦ ઓક્ટોબરના રોજ બંધ થશે. કંપનીના ડીઆરએચપી દ્વારા ઓફર થનારા ઈક્વિટી શેરોનું બીએસઈ અને એનએસઈ પર લિસ્ટિંગ થશે.ડોઈશ ઈક્વિટીઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વૈશ્વિક કો ઓર્ડિનેટર અને બુક રનિંગ લીડ મેનેજર (જીસીબીઆર એલએમ)છે, જ્યારે એન્ટીક કેપિટલ માર્કેટ્સ પ્રાઈવેટ લિમિટેડ કો-બુક રનિંગ લીડ મેનેજર બીઆરએલ એમ)છે. બે કરોડ ઈક્વિટી શેરોમાંથી જાહેર જનતાને ૧૯,૭૫૦,૦૦૦ ઈક્વિટી શેરો ઓફર કરવામાં આવશે. આ ઉપરાંત બીજા ૨.૫ લાખ ઈક્વિટી શેરો માન્ય કર્મચારીઓ (ધ એમ્પલોઈ રિઝર્વેશન પોર્શન)ના સબ સ્ક્રિપ્શન માટે અનામત રાખવામાં આવશે.

સમીર માનચંદા દ્વારા પ્રમોટ કરવામાં આવેલી ડેન નેટવર્ક્સ લિમિટેડના આઈપીઓમાંથી મળનારા ભંડોળનો ઉપયોગ કંપનીના કેબલ ટેલિવિઝન અને બ્રોડબેન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવાઓ વિકસાવવામાં થશે. આ ઉપરાંત કન્ટેન્ટ અને બ્રોડકાસ્ટ રાઈટ્સ ખરીદવા તથા સામાન્ય કોર્પોરેટ હેતુ માટે પણ આ ફન્ડનો ઉપયોગ કરવામાં આવશે.